# ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓની શૈક્ષણિક અને વહીવટીય સમસ્યાઓનો અભ્યાસ

સંશોધક:
ચૌધરી અંજનાબેન ડી.
માર્ગદર્શક:
ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ

સંશોધનના મુખ્ય તારણો:

- પ્રશાસન દ્વારા મોટા ભાગની માહિતી તાત્કાલિક મંગાવવામાં આવે છે.
- સોશિયલ મીડિયાને કારણે વહીવટી પરિપત્રો નો જવાબ તાત્કાલિક આપવો પડે છે.
- સંચાલક મંડળના સહકાર વિના સંચાલન કાર્ય કરવું મુશ્કેલ બને છે.
- શાળામાં કારકુન અને સેવકની (ખાલી જગ્યા) ઘટથી મુશ્કેલી પડે છે.
- સાતમા પગાર પંચનો અમલ થયેલો હોવા છતાં ભથ્થા અને ટી.એ.ડી.એ. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે મળે છે.
- પરિણામ આધારિત ગ્રાન્ટ હોવાથી સંચાલન કરવું મુશ્કેલ બને છે.
- શાળા વિકાસ માટે અનુદાનનો યોગ્ય ઉપયોગ થતો નથી.
- HMAT ભરતીવાળા આચાર્ય કરતા તેની સાથે ભરતી પામેલ શિક્ષકોને ઉ.પ.ધો મળતા તેનો પગાર આચાર્ય કરતાં વધુ મળે છે.
- મોંઘવારી પ્રમાણે મેડીકલ એલાઉન્સ પૂરતા પ્રમાણમાં મળતું નથી.
- શાળાના કાર્યોમાં મોબાઈલનો ઉપયોગ વધી ગયો છે.
- શાળામાં સરકારી કામગીરીઓ ને કારણે શૈક્ષણિક કાર્ય પર તેની માઠી અસર પડે છે.
- માધ્યમિક શાળામાં અપૂરતા શિક્ષકોને કારણે વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્યમાં મુશ્કેલી અનુભવાય છે.
- શાળામાં વહીવટી કાર્યના વધુ ભારણના કારણે શૈક્ષણિક કાર્યમાં પૂરતું ધ્યાન રાખી શકાતું નથી.
- શાળાના આધુનિક તકનીકના સાધનોના મરામત ખર્ચની કોઈ જોગવાઈ નથી.
- શાળાની ભૌતિક સુવિધા માટે લોકભાગીદારીમાં ગ્રામજનોનો સહકાર મળતો નથી.
- શાળામાં ઓડિયો– વીડિયો વિઝ્યુઅલનો અભાવ જોવા મળે છે.
- શાળા કક્ષાએ જૂના રેકર્ડ સાચવવા માટે યોગ્ય સુવિધાનો અભાવ છે.
- શાળાના વિવિધ કાર્યક્રમોમાં ઉપયોગી એવી સાધન – સામગ્રી પૂરતા પ્રમાણમાં નથી.
- વાલી સંમેલનમાં બાળકોના વાલીઓની અપૂરતી હાજરી હોય છે.
- વાલીઓ પોતાના પાલ્યના શિક્ષણ પ્રત્યે ઉદાસીન જોવા મળે છે.
- બાળકોના અભ્યાસ અર્થે વાલીઓના સહકાર ઓછા જોવા મળે છે.
- સમાજ દ્વારા શિક્ષકોની ખોટી – ખોટી ટીકાઓ થાય છે.
- શાળા જે સામાજિક પ્રવૃત્તિઓ યોજે છે તેમાં ગામલોકો તરફથી સહકાર મળતો નથી.